સવારે યા સાંજે
અકિલા ન્યુઝ.કોમ

તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૪ વિક્રમ સંવંત ૨૦૭૦ ભાદરવા વદ - ૯ બુધવાર

સમાચાર રાજકોટ

News of Wednesday, 17th September, 2014

# પાલવ સ્કુલ દ્વારા બેન્કીંગ પ્રોજેકટસ




રાજકોટ : કોઠારીયા રીંગ રોડ રાજકોટ સ્થિત પાલ સ્કુલ્સ ધોરણ ૧૧ કોમર્સના વિદ્યાર્થીઓ દ્વારા કઇક નવતર જ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં શાળાના ટ્રસ્ટી જીતેશભાઇ દોંગા, એચ. ઓ.ડી. રાજેશભાઇ ડોબરીયા અને કોમર્સ વિભાગના શિક્ષક સોહિલભાઇ પોપટ દ્વારા ધોરણ ૧૧ કોમર્સના ૪૦ વિદ્યાર્થીભાઇઓ તથા બહેનોને બેન્કીંગ ક્ષેત્રના અલગ અલગ વિભાગોની ૧૫ દિવસે ટ્રેનીંગ આપ્યા બાદ તા. ૧૩ અને ૧૫ સપ્ટેમ્બરના શાળામાં જ પાલવ બેંક ઉભી કરવામાં આવી પાલવ બેન્કની ઓપનીંગ

સેરેમનીમાં રાજકોટના સહકારી બેંકના ડીરેકટર સુનીલભાઇ રાઠોડ, રાજ બેંકના મેનેજર જાડેજા તથા **R.D.C.** બેંકના મેનેજર બીજલકુમાર તેમજ અલગ અલગ વિભાગનાં ઉચ્ચ હોદ્દો સંભાળતા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રયોગ હાથ ધરવાનો મુખ્ય હેતુ કોમર્સના વિદ્યાર્થીઓને બેન્કિંગ ક્ષેત્રમાં આગળ વધવા માટે પુરતું માર્ગદર્શન તેમજ અનુભવ મળી રહે તે હતો. શાળાના અન્ય વિદ્યાર્થીઓ તેમજ પાલવ સ્કૂલ્સની બીજી શાખાઓના માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ તેમથજ વાલીશ્રીઓએ પાલવ બેંકની મુલાકાત લઇ પોતાના ખાતાઓ બેંકમાં ખોલાવ્યા બાદ **A.T.M./Credit card** વિવિધ **Loans** અને અન્ય ટ્રાન્ઝેકશન કરીને ઘણું બધુ બેન્કિંગને લગતુ જ્ઞાન મેળવ્યું હતું. દરેક ટ્રાન્ઝેકશન પણ પાલવ બેન્કમાં સોફટવેર દ્વારા હેન્ડલ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓમાં પણ બેન્કિંગ ક્ષેત્રનું નોલજે મેળવવા વધુ ઉત્સાહ હતો. આ બે દિવસના પાલવ બેન્કના આયોજનના લીધે ઘણા વિદ્યાર્થીઓને બેન્કિંગ ક્ષેત્રમાં આગળ વધવા માટે માર્ગદર્શન અને અનુભવ મળ્યો હતો.

(04:36 pm IST)

---

This page is printed from: http://www.akilanews.com/17092014/rajkot-news/1410951943-31207